1. હુમાયુના મુખ્ય હરીફો કોણ કોણ હતા?

- હુમાયુના મુખ્ય બે હરીફો હતા : (1) ગુજરાતનો સુલતાન બહાદુરશાહ અને (2) ફરીદમાં નામનો અફઘાન.

2. શેરશાહે વેપારને ઉત્તેજન આપવા કયા ત્રણ મોટા રસ્તાઓ બંધાવ્યા હતા ?

- શેરશાહે વેપારને ઉત્તેજન આપવા માટે ત્રણ મોટા રસ્તાઓ બંધાવ્યા હતા : (1) આગરાથી બરહાનપુર, (2) આગરાથી મારવાડા અને (3) લાહોરથી મુલતાન.

3. અકબરે ભારતમાં ભારતમાં રાષ્ટ્રીય એકતાની સ્થાપના સ્વી રીતે કરી?

- અકબરે સામ્રાજ્યના બધા જ ભાગોમાં એકસરખી રાજય પધ્ધતિ, મહેસુલપત્તિ અને કાનૂનપદ્ધતિ દાખલ કરીને ભારત માં રાષ્ટ્રીય એકતાની સ્થાપના કરી.

4. જહાંગીરના દરબારના મુખ્ય બે બનાવો કયા કયા હતા ?

- જહાંગીરના દરબારના બે મુખ્ય બનાવો ૈ() નુરજહા ની રાજખટપટ તેમજ (2) હૉકિન્સ અને સર ટોમસ રો નામના બે અંગ્રેજોનું જહાંગીરના દરબારમાં આગમન.

5. શાહજહાંના સમયમાં વિધર્મીઓ કેમ નાખુશ થયા હતા?

- અકબરે કાઢી નાખેલો યાત્રાળુવેરો શાહજહાંએ પુનઃ શરૂ કર્યો હતો તેમજ સુન્ની પંથના પ્રચાર માટે તેત્રે વધુ પડતો ઉત્સાહ વધ્યો હતો. માને લીધે હિન્દુઓ, શિયાપંથીઓ અને ખ્રિસ્તીઓ ઘણા નાખુશ થયા હતા. ક્લ્વિ

6. શાહજહાંએ કરવેરાઓમાં વધારો કેમ કર્યો?

- શાહજહાંએ આલીશાન ઈમારતોના બાંધકામો માં દબદબાભર્યા દેખાવો અને જલસાઓમાં, દક્ષિણ ભારતના બલમ અને કંદહારના વિગ્રહોમાં, અમીર-ઉમરાવોના અમનચમનમાં રાજ્યના ખજાનામાંથી પુષ્કળ ધન ખર્ચી નાખ્યું. એને પહોંચી વળવા શાહજહાંએ કરવેરાઓમાં વધારો કર્યો.

7. દષ્ણમાં શાઈસ્તખાં અને અફઝલખાન શાથી ત્રાસી ગયા હતા ?

- છત્રપતિ શિવાજીના નેતૃત્વ હેઠળ મરાઠાઓએ દષ્ણમાં મુઘલ લશ્કર સામે છાપામાર યુદ્ધપદ્ધતિ અપનાવી. મુઘલ સૈનિકો મરાઠાઓની આવી પદ્ધતિનો પ્રતિકાર કરી શક્યા નહિ. આથી મુઘલ સેનાપતિઓ શાઈસ્તખાં અને અફઝલખાન ત્રાસી ગયા હતા.

8. મુઘલ સમયમાં ઉચ્ચ વર્ગના લોકોનું જીવન કેવું હતું?

- મુઘલ સમયમાં ઉચ્ચ વર્ગના લોકોનું જીવન વૈભવી હતું. તેઓ સામાજિક પ્રસંગો અને ધાર્મિક ઉત્સવો ભપકાથી ઉજવતા, શરાબ અને સુંદરી તેમના પ્રિય વિષયો હતા.

9. મુઘલ યુગની આર્થિક સ્થિતિની માહિતી ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

➢ મુઘલ યુગ દરમિયાન ફારસી ભાષામાં લખાયેલાં પુસ્તકો, યુરોપિયન મુસાફરોનાં લખાણો, બાબરની આત્મકથા તથા બાબરની પુત્રી ગુલબદન બેગમે હુમાયુનામામાં કરેલી તે સમયની આર્ષિક સ્થિતિનું વર્ણન વગેરે દ્વારા મુઘલ યુગની આર્થિક સ્થિતિની માહિતી પ્રાપ્ત થાય છે.

10.મુઘલ યુગમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ કયાં ક્યાં સ્થળોએ વિકસ્યો હતો?

➢ ગુજરાતમાં પાટણ, નડિયાદ, અમદાવાદઃ ખાનદેશમાં બુરહાનપૂર, ઉત્તર પ્રદેશમાં જૌનપુર અને બનારસ ઉપરાંત બંગાળ એમાં બિહારનાં કેટલાંક સ્થળોએ મધલ યુગમાં સુતરાઉ કાપડના ઉધોગ ખૂબ વિકસ્યો હતો.

11.ઢાકાની મલમલની શી વિશેષતા હતી ?

➢ ઢાકાની મલમલની ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ, સ્પેન, ઇટાલી વગેરે દેશોમાં ખૂબ માંગ રહેતી હતી. આ અત્યંત બારીક કાપડની આખી સાડી દીવાસળીની પેટીમાં સમાઈ જતી અને વાંસના મોટા બાંબુમાં મલમલનો આખો તાકો આવી જતો.

12.મુઘલ યુગનાં સંસ્કાર અને કેળવણીનાં ધામો કયાં ક્યાં હતાં?

➢ ફતેહપુર સીકરી, આગરા, લાહોર, બનારસ, અંબાલા, થાણેશ્વર અને કશમીર મુઘલ યુગનાં સંસ્કાર અને કેળવણીનાં ધામો હતાં.

13.મુઘલ યુગમાં કયા કયા સુપ્રસિદ્ધ ચિત્રકારો થઈ ગયા?

➢ અબ્દુલ હસન, મનસુર, બિશનદાસ, ગોવર્ધન, મનોહર, દૌલત, તુલસી વગેરે મુઘલ યુગના સુપ્રસિદ્ધ ચિત્રકારો હતા.

14.પાણિપતનું પ્રથમ યુદ્ધ કોની કોની વચ્ચે થયું? તેનું શું પરિણામ આવ્યું?

➢ પાણિપતનું પ્રથમ યુદ્ધ દિલ્લી સલ્તનતના શાસક ઇબ્રાહીમ લોદી તથા બાબર વચ્ચે થયું, જેમાં બાબરનો વિજય થયો અને ભારતમાં મુઘલ શાસનની શરૂઆત થઈ.

15.ચૌસાનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું? તેમાં કોનો વિજય થયો?

➢ ચૌસાનું યુદ્ધ શેરખાન અને હુમાયુ વચ્ચે થયું, જેમાં શેરખાનનો વિજય થયો.

16. પાણિપતનું બીજું યુદ્ધ કોની કોની વચ્ચે થયું? તેમાં કોનો વિજય થયો?

➢ ઈ. સ. 1556માં અકબર અને હેમુ વચ્ચે પાણિપતનું બીજું યુદ્ધ થયું, જેમાં અકબરનો વિજય થયો.

17.ઈતિહાસ લેખક અબુલ ફઝલ કયા રાજાના દરબારને શોભાવતા હતા? તેમણે કઈ કઈ રચનાઓ કરી છે?

- ઈતિહાસ લેખક અબુલ ફઝલ મુઘલ સમ્રાટ અકબરના દરબારને શોભાવતા હતા. તેમણે 'આઈને અકબરી' અને 'અકબરનામા'ની રચના કરી છે.

18.આગરા સ્થિત તાજમહાલ કોણે બંધાવ્યો હતો? શા માટે?

- મુઘલ સમ્રાટ શાહજહાંએ પોતાની પ્રિય બેગમ મુમતાઝની યાદમાં તાજમહાલ બંધાવ્યો હતો.

19.કયા મુઘલ શાસકે હિન્દુઓ પરનો જજિયાવેરો પુનઃ શરૂ કર્યો હતો?

- મુઘલ શાસક ઔરંગઝેબે હિન્દુઓ પરનો જજિયાવેરો પુનઃ શરૂ કર્યો હતો.

20.જમીનની માપણી કયા મુઘલ શાસકે કરાવી હતી?

- મુઘલ શાસક અકબરે જમીનની માપણી કરાવી હતી.